ICE®

MIND MAP

# ભારતની ભૂગોળ

MIND MAP 02

## ભારતમાં વરસાદનું વિતરણ

**ભારતમાં વરસાદનું વિતરણ**

1. સર્વાધિક વરસાદ ક્ષેત્ર
   વરસાદનુ પ્રમાણ 200 સેમીથી વધુ
   - આંદાબાન-નિકોબાર, પશ્ચિમઘાટ પર્વતમાળા

2. સામાન્ય વરસાદ ક્ષેત્ર
   વરસાદનું પ્રમાણ 100 થી 200 સેમી વચ્ચે
   -બિહાર, પ.બંગાળ, ઓડિશા

3. ઓછો વરસાદ ક્ષેત્ર
   વરસાદનું પ્રમાણ 50 થી 100 સેમી વચ્ચે
   -ગુજરાત, હરીયાણા, કણાટક

4. અલ્પ વરસાદ ક્ષેત્ર
   વરસાદનું પ્રમાણ 50 સેમીથી ઓછું
   -રાજસ્થાન, લદ્દાખ (મરૂસ્થળ)

➤ ભારતમાં વરસાદનું વિતરણ નીચે મુજબ છે.

## 1. સર્વાધિક વરસાદ ક્ષેત્ર

➤ આ ક્ષેત્રમાં 200 સે.મી.થી વધુ વરસાદ થાય છે. મેઘાલયમાં આવેલા ઉંચા પર્વતોને કારણે અહીં ભારે પ્રમાણમાં વરસાદ થાય છે.

➤ **ચેરાપુંજી** જે આ વિસ્તારમાં આવેલ છે. ત્યાં વિશ્વનો સૌથી વધુ વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે.

➤ પશ્ચિમી ઘાટના ઢોળાવો તથા તેનો તટીય ક્ષેત્ર તથા આંદામાન–નિકોબારના દ્વિપ સમુહો અને ઉત્તર–પૂર્વીય ભારતમાં ખૂબ ભારે વરસાદ પડે છે.

➤ અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય અને પશ્ચિમ ઘાટના વાતાભિમુખ બાજુ આવેલા ઢોળાવના પ્રદેશો વગેરે પ્રદેશોનો અતિભારે વરસાદી ક્ષેત્રમાં સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 2. સામાન્ય વરસાદ ક્ષેત્ર

➤ આ ક્ષેત્રમાં વરસાદનું પ્રમાણ 100 થી 200 સે.મી. વચ્ચે હોય છે. અહિં ક્રમશઃ પવનોમાં ભેજનું પ્રમાણ ઓછું થતા વરસાદના પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળે છે.

➤ પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, કોરોમંડળ કિનારો, પંજાબ, ઉત્તરાંચલ અને ઉત્તર પ્રદેશના કેટલાંક ભાગો તથા તમિલનાડુના તટીય ભાગો, ત્રિપુરા, મણિપુર, અસમઘાટી વગેરે જગ્યાએ વરસાદનું પ્રમાણ સામાન્ય હોય છે.

## 3. ઓછો વરસાદ ક્ષેત્ર

➤ અહીં વરસાદનું પ્રમાણ 50 થી 100 સે.મી.ની વચ્ચે હોય છે.

➤ ગુજરાતમાં ગીચ જંગલો કે બહુ ઊંચા પર્વતો આવેલા નથી તેથી પવનોમાં રહેલા ભેજનું પ્રમાણ સંપૂર્ણપણે ઘનીભવન થતુ ન હોય તેથી ગુજરાતમાં પ્રમાણમાં ઓછો વરસાદ પડે છે.

➤ ઓછા વરસાદ વાળા વિસ્તારમાં પશ્ચિમ પંજાબ, હરિયાણા, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના રણપ્રદેશ સિવાયના વિસ્તારનો સમાવેશ થાય છે.

## 4. અલ્પ વરસાદ ક્ષેત્ર

➤ અહીં વરસાદનું પ્રમાણ 50 સે.મી.થી પણ ઓછું હોય છે.

➤ અલ્પ વરસાદ વાળા વિસ્તારમાં ઉત્તર ગુજરાત, કચ્છ, રાજસ્થાનનો રણપ્રદેશ, હરિયાણાનો દક્ષિણ ભાગ, લદ્દાખનું મરૂસ્થળ વગેરેનો સમાવેશ થાય છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT